


નાની બાળકીઓના ગૌરીવ્રત માટે ગોરોને બનાવી તૈયાર કરવામાં આવી રહી છે.

# ઉ.ગુજરાતમાં પણ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## સાબરકાંઠા જિલ્લામાં બપોર બાદ વરસાદ : હિંમતનગર, પ્રાંતિજ અને તલોદમા વરસાદ : અનેક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ : હિંમતનગરમાં ધોધમાર વરસાદને લઈ અનેક રસ્તાઓ પર પાણી ભરાયા હતા

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં બપોર બાદ વરસાદી માહોલ સર્જાયો હતો. હિંમતનગર શહેર અને પશ્ચિમ પટ્ટાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. હિંમતનગર શહેરમાં ધોધમાર વરસાદ વરસવાને લઈ અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. શહેરના અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને લઈ સ્થાનિક લોકો પરેશાન બન્યા હતા. લોકોને વરસાદી પાણીમાંથી વાહન પસાર કરવા મુશ્કેલ થયા હતા.

જિલ્લામાં હિંમતનગર ઉપરાંત પ્રાંતિજ અને તલોદ તાલુકામાં પણ વરસાદ વરસ્યો હતો. આમ જિલ્લામાં ત્રણ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ હતુ અને દિવસે વરસાદ વરસવાની સંભાવના જોવામાં આવી રહી હતી. આ મુજબ જ જિલ્લામાં બપોર બાદ વરસાદ વરસ્યો હતો.બપોરના બે વાગ્યા બાદ હિંમતનગર શહેરમાં વરસાદ નોંધાયો હતો. શહેરના જૂની સિવીલ અને પોસ્ટ ઓફીસ વિસ્તારમાં વરસાદનુ જોર શહેરના અન્ય વિસ્તારના પ્રમાણમાં થોડુ વધારે રહ્યુ હતુ. શહેરમાં ટાવર ચોક, નાગરીક સહકારી બેંક અને આરામ ગૃહ વિસ્તારમાં રસ્તાઓ પર પાણી ભરાયેલા દ્રશ્યો જોવા મળ્યા હતા. પરશુરામ પાર્ક ના ગેટ આગળ તેમજ શાકમાર્કેટ આગળ પણ મોટા પ્રમાણમાં પાણી ભરાયેલા દ્રશ્યો જોવા મળતા હતા.

હિંમતનગર શહેરમાં બપોરે વરસેલો વરસાદ માત્ર એકાદ કલાકના અંતરમાં જ પોણા ઈંચ કરતા વધારે વરસ્યો હતો. વરસાદને લઈ શહેરના અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. પ્રાંતિજ અને તલોદ તાલુકાઓમાં પણ વરસાદી ઝાપટાં વરસ્યા હતા.

સવારના ૮ થી ૧૦ કલાકના અરસા દરમિયાન મોડાસા અને આસપાસના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. મોડાસાના સબલપુર અને લાલપુર વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. વહેલી સવારે મધ્ય ગુજરાતમાં વરસાદ વરસ્યો હતો. સાથે જ અરવલ્લી જિલ્લામાં પણ વરસાદી માહોલ સવારમાં જોવા મળ્યો હતો.

# રિવરફ્રન્ટ ખાતેથી નવ વર્ષમાં ૫૮ લાખના ડેકોરેટિવ લાઈટ્સ-તાંબાના વાયર ચોરાયા

## આવતા લોકોને નીચે અને ઉપરના ભાગમાં ચાલતી વખતે અંધારામાંથી પસાર થવું પડે છે

અમદાવાદ, તા.૨૪

સાંજ પડતાની સાથે જ સાબરમતી રિવરફ્રન્ટ લાઈટ્સથી ઝળહળી ઉઠે છે અને તેનો પડછાયો જ્યારે નદીમાં પડે ત્યારે સુંદર દ્રશ્ય સર્જાતું હોય છે. ત્યારે નવાઈની વાત એ છે કે, હવે અહીં પણ ચોરીઓ થવા લાગી છે. ૩૮૩ સિક્યુરિટી ગાર્ડસ અને ૮ કરોડનું વાર્ષિક સુરક્ષા બજેટ હોવા છતાં પણ બદમાશોએ તેમના નાક નીચેથી જ ડેકોરેટિવ લાઈટ્સ ચોરી કરી છે. આ ચાલાક ચોરોએ ૨૦૧૪થી અત્યાર સુધીમાં કુલ ૫૮ લાખ રુપિયાની લાઈટ્સ અને કોપર કેબલની ચોરી કરી છે. આમાની મોટાભાગની ચોરીઓ આંબેડકર અને સરદાર પુલ વચ્ચેના પટ પર સાંજના સમયે અથવા રાત્રે થાય છે. એટલે હવે કોર્પોરેશન દ્વારા સિક્યુરિટી ગાર્ડ્સ અને સુરક્ષા બજેટ ફાળવવામાં આવ્યું છે એના પર સવાલો ઉઠી રહ્યાં છે. આ ખતરો એટલો વધી ગયો છે કે, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડએ શુક્રવારના રોજ અખબારોમાં નોટિસ પ્રકાશિત કરી હતી.



જેમાં લોકોને વીજળીના ઝાટકાથી બચવા અને થાંભલાઓને સ્પર્શ ન કરવા માટે ચેતવણી આપવામાં આવી હતી. એટલું જ નહીં મેઈન્ટેન્સ અને સુરક્ષા એજન્સીઓને પણ નોટિસ જારી કરી છે અને ચોરી પર અંકુશ મેળવવામાં નિષ્ફળ રહેવાના કારણે એજન્સીને રુપિયા ૪૧ લાખનો દંડ ફટકાર્યો છે. આ રિવરફ્રન્ટ ૧૧.૨ કિમીમાં ફેલાયેલો છે. જેમાં પદયાત્રીઓ માટે નીચેની જગ્યા અને ઉપરના ભાગમાં વિવિધ આકર્ષણો જેવા કે ફ્લાવર પાર્ક, ઈવેન્ટ ગાર્ડન, એક વિશાળ સાર્વજનિક ઉદ્યાન અને રમતગમત સંકુલ છે. રિવરફ્રન્ટ પરના રસ્તાઓ, પાર્કિંગની જગ્યાઓ, ફૂટપાથ અને અન્ય જાહેર વિસ્તારોને પ્રકાશિત કરવા માટે ડેકોરેટિવ લાઈટ્સ અને સ્ટ્રીટ લેમ્પ્સ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા. જો કે, આ રીતે ચોરી થયા બાદ અહીં આવતા લોકોને નીચે અને ઉપરના ભાગમાં ચાલતી વખતે કેટલાંક વિસ્તારોમાં અંધારામાંથી પસાર થવું પડે છે. સલામતીના જોખમોથી લોકોને વાકેફ કરવા માટે જીઈહ્વઙ્ઘઝ્રન્એ ન્યૂઝપેપર્સમાં એક નોટિસ પ્રકાશિત કરાવી છે. જેમાં ઈલેક્ટ્રિક થાંભલાઓને સ્પર્શ ન કરવા સખત ચેતવણી આપવામાં આવી છે. જીઈહ્વઙ્ઘઝ્રન્ના એક સિનિયર અધિકારીએ જણાવ્યું કે, અમે રિવરફ્રન્ટ પર લગભગ ૨૬૦૦ સ્ટ્રીટ લાઈટ્સ અને વિવિધ ડેકોરેટિવ લાઈટ્સ ઈન્સ્ટોલ કરી હતી. અહીં ઈન્સ્ટોલ કરવામાં આવેલાં ૫૦ જેટલાં વીજપોલમાંથી માત્ર છેલ્લાં એક મહિનામાં ચોરોએ ૨.૫૮ લાખ રુપિયાની કિંમતનો તાંબાનો વાયર ચોર્યો છે. આ ચોરો થાંભલાઓમાંથી એલ્યુમિનિયમની શીટ્સ પણ ચોરી કરે છે. જ્યારે આ થાંભલામાં લગાવવામાં આવેલા લેમ્પ ચાલુ હતા એ સમયે જ ચોરોએ આ ચોરી કરી હતી. પણ તેઓ વીજળીનો કરંટ લાગવાથી શું થાય એ જાણતા નથી.

# અમદાવાદના જ્વેલર્સના કરોડોના દાગીના ફિલ્મી ઢબે લૂંટાયા

## ગઠિયાઓએ રેસ લગાવી કાર ચેઝ કરી : લગભગ ૧ કરોડ રૂપિયા સુધીના દાગીના અને ૫ લાખની રોકડ રકમ લઈ ગઠિયાઓ ફરાર થઈ ગયા હતા

અમદાવાદ, તા.૨૪

ભરૂચ જિલ્લાના ઝનોર ગામ નજીક અમદાવાદના એક જ્વેલર પાસેથી ગન પોઈન્ટ પર રૂ. ૧ કરોડની કિંમતનું બે કિલો સોનું અને રૂ. ૫ લાખની રોકડની લૂંટ કરવામાં આવી હતી. જ્વેલર મુકેશ સોની ઝનોર ખાતે ઘરેણાની ડિલિવરી કરવા માટે પોતાની કારમાં જઈ રહ્યા હતા ત્યારે બે કારે તેમને અડફેટે લીધા હતા. ત્યારપછી તેમને લૂંટી આ શખસો ફરાર થઈ ગયા હતા. જોકે આ પાંચમાંથી ત્રણ લૂંટારુઓને લગભગ ૭૦ કિમી દૂર સેગવા ગામ નજીક મોડી રાત્રે પકડવામાં આવ્યા હતા, કારણ કે પોલીસે તેમને શોધી કાઢવા માટે ઘણા રસ્તાઓ અને સ્ટાર ટેડ પેટ્રોલિંગને બેરિકેડ કર્યા હતા. નાયબ પોલીસ અધિક્ષક, એમએમ ગાંગુલીએ કહ્યું કે મુકેશ સોની અમદાવાદના માણેકચોક વિસ્તારમાં જ્વેલરીની દુકાન ધરાવે છે. ગુરુવારે, તે ભરૂચ જિલ્લામાં તેના ગ્રાહકો અને જ્વેલર્સને સોનાના ઘરેણાં પહોંચાડવા આવ્યો હતો. નાઈટ હોલ્ટ પછી, તેણે શુક્રવારે ઘરેણાંની ડિલિવરી શરૂ કરી હતી. તેવામાં અશોક સોનીએ જણાવ્યું હતું કે બંદૂકો અને અન્ય હથિયારોથી સજ્જ પાંચ વ્યક્તિઓ હતા. પોલીસે કારને ટ્રેસ કરવા માટે હાઈવે અને અન્ય આંતરિક વિસ્તારોના સીસીટીવી ફૂટેજ સ્કેન કરવાનું પણ શરૂ કર્યું છે. મીડિયાકર્મીઓ સાથે વાત કરતા સોનીએ જણાવ્યું હતું કે તે દહેજ, જોલવા અને મોહમ્મદપુરા ગામોમાં ઘરેણાં પહોંચાડીને ઝનોર પરત ફરી રહ્યો હતો. જ્યારે હું ઝનોર નજીક પહોંચ્યો, ત્યારે એક કાર મારી આગળ નીકળી ગઈ અને એને મારો રસ્તો બ્લોક કરી દીધો હતો. જ્યારે બીજી કારે જમણી બાજુથી ઓવરટેક કરી દીધી હતી. મેં કાર રોકતાની સાથે જ બે કારમાંથી પાંચ શખ્સો બહાર આવ્યા હતા અને ૨ કિલો સોનાના દાગીના અને રોકડની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. તેઓએ મારો મોબાઈલ ફોન અને કારની ચાવી પણ છીનવી લીધી જેથી હું કોઈને ફોન પણ ન કરી શકું. ત્યારપછી કરોડોના દાગીના ચોરી આ શખસો ફરાર થઈ ગયા હતા.

# ખેડબ્રહ્માનાં ધારાસભ્યની પત્નીનો મોબાઈલ લઈ સ્નેચર ફરાર થયો

## સુરતમાં મોબાઇલ સ્નેચર બન્યા બેફોમ : કાપોદ્રા ચાર રસ્તા ખાતે મોબાઈલ સ્નેચિંગની ઘટના સામે આવી છે, જેમાં યુવક ફોન પર વાત કરતો હતો આ દરમિયાન બાઇકસવાર બેલડી ઘસી આવી હતી

સુરત, તા.૨૪

સુરતમાં મોબાઈલ સ્નેચર બેફામ બન્યા હોય તેવા છાશવારે કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે સબ સલામતીના દાવા કરતા સુરતમાં પોલીસના અસ્તિત્વ સામે સવાલો કરતો કિસ્સો સામેં આવ્યો છે. જેમાં ધારાસભ્યની પત્નીનો મોબાઈલ ઝુંટવી આરોપી ફરાર થઈ ગયો હતો.

બાદમાં આ મામલે ધારાસભ્ય ડૉ.તુષાર ચૌધરીએ ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સુરતમાં બેફામ બનેલા ફોન સ્નેચરોએ ખેડબ્રહ્માનાં ધારાસભ્યની ડૉ.તુષાર ચૌધરીનાં પત્ની ડૉ.દીપ્તિબેન ચૌધરીનો ફોન ઝૂંટવી લીધો હોવાની ઘટના બહાર આવતા ચકચાર મચી છે. જોગર્સ પાર્ક પાસેથી દીપ્તિબેન ચૌધરી પસાર થઈ રહ્યા હતા આ વેળાએ સ્નેચરો મોબાઈલ ઝુંટવી હવામાં ઓગળી ગયા હતા.

બાદમાં ધારાસભ્ય તુષાર ચૌધરીએ ઉમરા પોલીસ સ્ટેશનમા આજાણ્યા શખ્સો સામે ફરિયાદ કરતા પોલીસે ફરિયાદના આધારે ગુન્હો દાખલ કરી નજીકના સીસીટીવી તપાસવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. મહત્વનું છે કે આ મામલે તુંષાર ચૌધરીએ પોલીસ કમિશનરને પણ ફરીયાદ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. જેને લઈને લુંટારૂને પકડી પાડવામાં પોલીસને સફળતા મળે છે કે કેમ? તે અંગેની પોલીસની કામગીરી પણ લોકોની મીટ મંડાયેલી છે. થોડા દિવસ અગાઉ જ કાપોદ્રા ચાર રસ્તા ખાતે મોબાઈલ સ્નેચિંગની ઘટના સામે આવી છે. જેમાં યુવક ફોન પર વાત કરતો હતો આ દરમિયાન બાઈકસવાર બેલડી ઘસી આવી હતી. જે મોબાઈલ સેરવી નાશી ગઈ હતી. સૌરાષ્ટ્રથી સુરત ગયેલા યુવકનો મોબાઈલ ચોરાયાની આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા હતા.

## પીવાના પાણીની ટાંકી સાફ કરવા ઉતરેલા બે યુવકો બેભાન

સુરત, તા.૨૪

સુરતના ઉધના વિસ્તારમાં પીવાના પાણીની ટાંકીસાફ સફાઈ કરવા ઉતરેલા બે વ્યક્તિઓ ગૂંગળાઈ ગયા હતા. બીજી તરફ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગની ટીમે બંને વ્યક્તિઓને બહાર કાઢીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે જ્યાં હાલ તેઓની સારવાર ચાલી રહી છે.

બીજી તરફ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી જેથી માન દરવાજા અને ભેસ્તાન ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોચી હતી.ફાયર વિભાગની ટીમે બી.એ.સેટ પહેરીને પાણીની ટાંકીમાં ઉતર્યા હતા અને બંને યુવકોને બહાર કાઢીને ૧૦૮ની મદદથી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જેમાં વધુમાં દિનેશભાઈ ઉવ.૪૫ અને મિલન ભાઈ ઉવ.૨૪ પીવાના પાણીની ટાંકી સાફ સફાઈ કરવા માટે ઉતર્યા હતા.

# છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ જિલ્લામાં વરસાદ

## ધોધમાર વરસાદથી જળબંબાકાર : દાહોદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ : દેવગઢ બારીયામાં ૪ ઈંચ વરસાદ, ધાનપુરમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં ચોમાસાના વિધિવત આગમન પહેલા વરસાદ શરૂ થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ જિલ્લાના ૩૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. સવારના બે કલાકમાં ૨૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ૩ તાલુકામાં બેથી ચાર ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે દાહોદમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. વડોદરાના વાઘોડીયા પંથકમાં વહેલી સવારે જ ગાજવીજ સાથે વરસાદ થયો હતો. ઉપરાંત ડભોઈના ઝારોલા, વાગા, શિનોર ચાર રસ્તા, એસટી ડોપો, સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાકમાં દાહોદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. દેવગઢ બારીયામાં ૪ ઈંચ વરસાદ, ધાનપુરમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. મોડી રાતથી દાહોદ શહેરમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જેસાવાડાના બાવકામાં ડીપ નાના પર પાણી ફરી વળ્યા છે. બાવકાથી માતવાને જોડતા રસ્તા પર પાણી ભરાયા છે. ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાના વિધિવત્ આગમનની રાહ જોવાઈ રહી છે ત્યારે આજથી પ્રી મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ થાય તેવી સંભાવના છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ૨૮ જૂનના ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર શનિવારે અમદાવાદ-અરવલ્લી-બનાસકાંઠા-દાહોદ-મહીસાગર-મહેસાણા-પંચમહાલ-પાટણ-સાબરકાંઠા-છોટા ઉદેપુર-ડાંગ-નર્મદા-નવસારી-તાપી-વલસાડ, રવિવારે દમણ-દાદરા નગર હવેલી-દાહોદ-મહીસાગર-ગીર સોમનાથ-જુનાગઢ-પોરબંદર-દીવમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. સ્કાયમેટના અનુમાન અનુસાર ગુજરાતમાં ૨૭ કે ૨૭ ના નૈઋત્યના ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થઈ શકે છે. ચોમાસાના પ્રારંભ સાથે જ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડે તેવી સંભાવના છે. જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલના પટેલના અનુમાન મુજબ જૂન મહિનાના છેલ્લા ત્રણ દિવસમાં ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં અતિભારે વરસાદ થઈ શકે છે. આ સાથે જ મહેસાણા, વડોદરા, અમદાવાદ અને ગોધરામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ તેવા વરસાદની આગાહી પણ કરી છે. બીજી તરફ રાજ્યમાં પાંચ દિવસ છુટાછવાયા વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે પંચમહાલ, દાહોદ, મહિસાગર, સુરત, તાપી અને ડાંગમાં પણ છુટછવાયો વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે.

# નડિયાદના ગરનાળામાં પાણી ભરાઈ જતા સ્કૂલબસ વચ્ચોવચ અટવાઈ

## પાણી ભરેલા ગરનાળામાં ફસાઈ વિદ્યાર્થીઓથી ભરેલી બસ, જીવના જોખમે સ્થાનિકો દ્વારા બસમાં સવાર વિદ્યાર્થીઓનું કરાયું રેસ્ક્યુ

ખેડા, તા.૨૪

ગુજરાત ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા સહિતના



જિલ્લાઓમાં વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ખેડાના નડિયાદમાં પહેલા જ વરસાદે પાલિકાની પ્રિમોનસુન કામગીરીની પોલ ખોલી નીખી છે. પાલિકાની બેદરકારીને કારણે આજે નડિયાદમાં કેટલાક વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા હતા. જોકે, સ્થાનિકો દ્વારા તમામને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

નડિયાદમાં ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. પાણી ભરાતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ભારે વરસાદના કારણે નડિયાદના શ્રેયસ ગરનાળામાં પણ પાણી ભરાઈ ગયું છે.

આ ગરનાળામાં આજે સવારે કોલેજની બસ ફસાઈ ગઈ હતી. કોલેજની બસ પાણી ભરેલા ગરનાળામાંથી પસાર થતાં અધવચ્ચે ખોટકાઈ હતી. બસ અધવચ્ચે બસ બંધ પડી જતાં કોલેજના વિદ્યાર્થીઓ બસમાં ફસાયા હતા.

જે બાદ ફટાફટ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. સ્થાનિકો દ્વારા બસમાં ફસાયેલા વિદ્યાર્થીઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. આસપાસના લોકો દ્વારા જીવના જોખમે વરસાદી પાણીમાં ફસાયેલ કોલેજ બસમાં સવાર વિદ્યાર્થીઓને બસની બારીઓમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં વહેલી સવારથી ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે.

### રિ-લોન્ચીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં ફિઝીશ્યન, સર્જન, ગાયનેક, બાળરોગ નિષ્ણાત, નાક-કાન ગળાના નિષ્ણાત, ડેન્ટલ, ઓર્થોપેડીક, સ્કીન, હૃદયના, યુરોના, સ્પાઈનના, ગેસ્ટ્રોલીજીના, ન્યુરોના નેફ્રોલોજીના રેડીયોલોજીના નિષ્ણાત તબીબો સેવાઓ આપનાર છે.

સરઢવ ખાતે યોજાનાર આ પ્રોજેક્ટના રિ-લોન્ચીંગ માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

### આરંભાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં હાલમાં ઘણા સ્થળોએ વરસાદી ઝાપટા પડી રહ્યા છે. આગામી કેટલાક દિવસોમાં જ ગુજરાતમાં ચોમાસુ પ્રવેશ કરી શકે છે.

ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમન પહેલા ૫૯ જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ જાંબુઘોડામાં થયો હતો. ગાંધીનગરમાં પણ આખો દિવસ બફારો રહ્યો હતો. બપોરના સમયે એકાદ ઝાપટુ પણ પડ્યુ હતુ.

### રીપોર્ટ ફેઈલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સમગ્ર બિલ્ડીંગ અનફીટ ન બને તેવી સંભાવનાને ધ્યાનમાં રાખી ત્વરિત અસરથી અમુક ભાગ તોડી નાંખવાની સુચના આપવામાં આવી હતી. આજે આ ફેઈલ રીપોર્ટના અંતે આ કોલમ તેમજ તેની ઉપરનો ભાગ પણ તોડી નાંખવામાં આવ્યા હતા. સિમેન્ટ કોંક્રીટનો રીપોર્ટ પણ લાંબા સમયના અંતે આવતા પ્રોજેકટનુ કામ પણ વિલંબમાં પડયુ છે ત્યારે બીજીતરફ આ કામગીરી એજન્સીએ જ પોતાના ખર્ચે કરવાની રહેશે પ્રાંત કચેરીના પ્રોજેકટને અનુલક્ષી અંદાજિત ૨૫ ટકા કામ થયુ છે. ત્યારે હવે ગુણવત્તાની દ્રષ્ટીએ મટીરીયલ્સનો રીપોર્ટ ઓકે ન આવતા પાટનગર યોજનાએ પણ કોલમ બીમ સહીતનુ બાંધકામ દુર કરવાની સુચના આપતા આજે દિવસ દરમિયાન આ કોલમ દુર કરવામાં આવ્યા હતા.

### ગીફ્ટ સીટીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડોલરનું રોકાણ કરશે સુંદર પિચાઈએ ગીફટસીટી ગુજરાતમાં ગ્લોબલ ફિનટેક ઓપરેશન સેન્ટરની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી.

પીએમઓએ ટ્વીટ કર્યુ હતુ કે પીએમ અને પિચાઈ વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફિનટેક અને રિસર્ચ અને ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાના ઉપાયો પર ચર્ચા કરી હતી.

### બફારો અસહ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીગ્રી રહ્યુ હતુ જો કે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૪ ડીગ્રી નીચે સરકી ગયો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. જયારે ગરમીનુ જોર ઘટયુ હોવાથી નગરજનોએ આકરા તાપમાં રાહત અનુભવી હતી પરંતુ ભેજનુ પ્રમાણ વધતા શહેરીજનો આકરા બફારાથી બેચેન બન્યા હતા. ઉકળાટના લીધે મહીલાઓ અને સિનિયર સિટીઝન્સ વધુ પ્રભાવિત છે. છેલ્લા બે મહીનાથી ઉનાળાની આકરી ગરમી વેઠતા શહેરીજનો હવે વરસાદની વાટે છે. અત્યાર સુધી આકરા હીટવેવના લીધે અંગ દઝાડતી ગરમીએ નગરને બાનમાં લીધુ હતુ જયારે છેલ્લા એક સપ્તાહથી સતત વાતાવરણમાં બાફનુ પ્રમાણ વધતા શહેરનુ જનજીવન પ્રભાવિત છે. સવારની સાથે સાંજે પણ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ ટકાથી વધુ રહે છે. ત્યારે આકરા બફારાથી ત્રસ્ત નગરજનો હવે વહેલાસર વરસાદના વધામણાં કરવા ઉત્સુક છે. આકાશમાં રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો મનમુકીને વરસતા નથી જયારે ઝાપટીયા વરસાદના લીધે ગરમીમાં પણ રાહત થતી નથી અને સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાય છે. સેકટરોમાં અત્યારથી જ વરસાદી સમસ્યાઓ ડોકીયા કરી રહી છે. દિવસના ઉકળાટ બાદ રાત્રિના સમયે પણ વાતાવરણમા ઠંડક અનુભવાતી નથી જેના લીધે નગરજનો ગરમીથી તોબા પોકારી ગયા છે.

### પધરામણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. પરંતુ વરસાદને કારણે પાણી ભરાઈ જવાથી સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. ડાકોરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ડાકોર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ બાદ ધોધમાર વરસાદ વરસ્યો છે. કાલસર, ધુણાદરા, વલ્લભપુરા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે.

### બળવો કર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવામાં આવ્યો છે. આ સિવાય યેવજેનીની ધરપકડ કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. વેગનર જૂથનો બળવો પુતિન માટે મોટો ફટકો છે કારણ કે આ જૂથ તેમને યુક્રેન સાથેના યુદ્ધમાં મદદ કરી રહ્યું હતું. અગાઉ રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સૌથી મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. એવી આશંકા છે કે રશિયામાં બળવો થઈ શકે છે. સુત્રોમાંથી મળતા સમાચાર મુજબ રશિયામાં ખાનગી આર્મીએ બળવો કર્યો છે અને મોસ્કો હાઈ એલર્ટ પર છે અને રાજધાનીમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રશિયાએ ગઈકાલે વેગનર ગ્રૂપના વડા યેવગેની પ્રિગોજિન પર બળવાના પ્રયાસનો આરોપ લગાવ્યો હતો. મોસ્કો હાઈ એલર્ટ પર છે. રાજધાનીમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.